અનુ.જાતિઓના સામાજિક બહિષ્કાર
અને હિજરતના બનાવો જાહેર કરવાની
સત્તા બાબત.

---

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૯૭/૨૧૫૩/છ
સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨/૪/૧૯૯૭.

વંચાણે લીધો :

(૧) સ.પ.સ.ક.વિ.ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૮૫/૨૧૫૩/જ
તારીખ:૨૧/૯/૮૯

(૨) સ.પ.સ.ક.વિ.ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૯૫/૨૧૫૩/૩૩૬૧/છ.સેલ
તારીખ:૨/૯/૯૬.

ઠ રા વ :-

અનુસૂચિત જાતિના લોકોને સામાજિક બહિષ્કાર, અત્યાચાર વગેરે પ્રસંગોએ પોતાના ગામમાંથી ફરજિયાત હિજરત કરવાના પ્રસંગોએ નાણાંકીય સહાય આપવા માટે અનુ.જાતિઓના સ્થળાંતરને હિજરત જાહેર કરવાની સત્તા કલેકટરશ્રી / જિલ્લા મેજીસ્ટ્રેટને આપવાનું આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૧) ~~આગળના પરિપત્રથી ઠરાવ્યુ છે.~~ તેજ રીતે, અનુ.જાતિઓના સામાજિક બહિષ્કારના પ્રસંગો વખતે "સામાજિક બહિષ્કાર" જાહેર કરવાની સત્તા પણ આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૨) આગળના પરિપત્રથી કલેકટરશ્રી / જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને આપવાનું ઠરાવ્યુ છે. હિજરત કે સામાજિક બહિષ્કાર જેવા બનાવોને પુરેપુરી ગંભીરતાથી ન લેવામાં આવે તો આવા કિસ્સાઓમાં સામાજિક બહિષ્કાર કરાયેલ કે હિજરત કરી ગયેલા અનુ.જાતિના લોકોને અન્યાય થવાની પુરેપુરી સંભાવના હોય છે. સરકારશ્રીના ધ્યાન પર આવા કિસ્સાઓ આવેલ છે અને હિજરત તથા સામાજીક બહિષ્કાર જાહેર કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રી / જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પાસેથી પરત લઈ અન્યને સોંપવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો.

૨. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે એમ ઠરાવવામાં આવે છે કે અનુ.જાતિઓના હિજરત કે સામાજિક બહિષ્કારના પ્રસંગોએ જે તે પ્રસંગને 'હિજરત' કે 'સામાજિક બહિષ્કાર' જાહેર કરવાનો નિર્ણય, આ બનાવોમાં જાત તપાસ કરીને તથા જિલ્લા પોલીસ વડાનો અહેવાલ મેળવીને, હવેથી જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી લેશે. જે તે પ્રસંગને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા હિજરત કે સામાજિક બહિષ્કાર જાહેર કર્યા બાદ જ નિયમાનુસાર નાણાંકીય સહાય ચૂકવવાની કાર્યવાહી કરવા પણ સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

( વિ. એમ. પરમાર )
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા પોલીસ વડાઓ
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ
સમાજ કલ્યાણ વિભાગની સઘળી શાખાઓ.

મનસુખ/૧/૪૯૭